# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પરિપત્ર નં.૧૩૫ તા. ૪-૧-૧૭**

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષયઃ-** **શિષ્યવૃત્તિ/ગણવેશ સહાયનો અમલ ડીઝીટલ ગુજરાત કોમન સર્વિસ પોર્ટલ મારફત કરવા બાબત.**

**સંદર્ભઃ-**
**૧. માન.નિયામકશ્રી, અનુ.જાતિ કલ્યાણ ગુ.રા. ગાંધીનગર તા.૧૬-૧૨-૧૬ના પત્ર નં.૨૧૦૬૮**
**૨. નં.નાનિ/અજાક/શિ.વૃ./૨૦૧૬-૧૭/૨૩૩૦૨ થી ૨૩૩૧૧ તા.૨૮-૧૨-૧૬ નો નાયબ નિયામક અનુ.જાતિ કલ્યાણની કચેરી, અમદાવાદનો પત્ર.**

આથી તમામ મ્યુનિ.શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે સરકારશ્રીનાં અભિગમ મુજબ ડીઝીટલ ગુજરાત કોમન સર્વિસ પોર્ટલ પર સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ આદિજાતિ વિભાગ હેઠળની પ્રાથમિક શિષ્યવૃત્તિ(તમામ) / ગણવેશ સહાય યોજનાઓ આગામી વર્ષ ૨૦૧૭-૧૮માં પ્રવેશોત્સવ જૂન-૨૦૧૭ પહેલા www.digital.gujarat.gov.in પર Online દરખાસ્તો મેળવી અમલ કરવાનો થાય છે. તેના ભાગરૂપે સર્વે મુખ્યશિક્ષકશ્રીઓએ તેમની શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને વર્ષ ૨૦૧૭-૧૮માં પ્રવેશોત્સવ જૂન-૨૦૧૭ પહેલા શિષ્યવૃત્તિ/ગણવેશ સહાયની અમલીકરણ માટે Digital Gujarat Common Service Portal થી સદર વિભાગ હેઠળનાં ખાતાઓની શિષ્યવૃત્તિ યોજનાની ચૂકવણી થાય તેના અમલીકરણ માટે Online Payment માટે NIC દ્વારા Master Trainer PPT Demo સહિત વિગતવાર તાલીમ આપવા માટે નિયામકશ્રી, અનુ.જાતિ કલ્યાણ, ગુ.રા., ગાંધીનગર દ્વારા આયોજન કરવામાં આવેલ છે. તો તેમાં તમામ શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓ તથા શિષ્યવૃત્તિની કામગીરીના જાણકાર એક કર્મચારી સાથે નીચેના કાર્યક્રમના સ્થળ, સમય અને તારીખે અચૂક હાજર રહેવાનું રહેશે.

વધુમાં પ્રવેશોત્સવ જુન-૨૦૧૭ પહેલા આ કામગીરી પૂર્ણ કરવાની હોવાથી ગુણોત્સવ હોવા છતાં તાલીમમાં ફરજિયાત પણે હાજર રહેવાનું છે. કોઈપણ શાળાના મુખ્ય શિક્ષકશ્રી તાલીમમાં ગેરહાજર રહેશે અને તેને કારણે શાળાના બાળકો શિષ્યવૃત્તિથી વંચિત રહેશે તો તે અંગેની જવાબદારી સબંધિત મુખ્ય શિક્ષકશ્રીની રહેશે જેની ખાસ નોંધ લેશો.

| | | |
|---|---|---|
| તાલીમનું સ્થળ | :- | સેંટ ઝેવિયર્સ હાઈસ્કૂલ લોયલા હોલ, નવરંગપુરા, અમદાવાદ. |
| તારીખ | :- | ૧૦-૦૧-૨૦૧૭ |
| સમય | :- | ૧૧-૦૦ થી ૧૪-૦૦ કલાક સુધી |

તા.૪-૧-૧૭

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી